ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૧૧-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

તપાસપંચની યથાર્થતા કેટલી રહેશે?

ગુજરાતના મુખ્યમંત્રીના શિરે ભવિષ્યના વડાપ્રધાનપદની ભારે જવાબદારી આવી પડી છે ત્યાં 'લગનમાં વઘન' જેવી જાસૂસી કાંડની ઘટના પ્રકાશમાં આવતાં દેખીતી રીતે જ ભારતીય જનતા પાર્ટી મૂંઝવણમાં મુકાઈ ગઈ છે. પાક્કા રાજકારણી નરેન્દ્ર મોદીને અને એમના સાથે સંકળાયેલાં ખિયજનોને પાક-સાફ સાબિત કરવા માટે રાજય સરકારે ભારે મનોમંથન પછી ઉતાવળે બે સદસ્યોનું તપાસ પંચ નીમી દીધું છે જેથી રાષ્ટ્રપતિના દરવાજે પહોંચી ગયેલા મોદી વિરોધીઓને આગળ ઉપર કશી નુકતેચીનીનો અવસર ન મળે. પંચનાં વરિષ્ઠ સદસ્ય હાઈકોર્ટનાં નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ સુજ્ઞા ભટ્ટે પંચની અધ્યક્ષતા સ્વીકારવાની સંમતિ આપી હોવાનું જણાવાયું છે, પરંતુ છાપાંના અહેવાલ મંત્રીશ્રી નીતિન પટેલના નિવેદનથી જુદા પડે છે. સુજ્ઞા ભટ્ટ આવા વિવાદમાં ટસડાવા ન માગતાં હોય તે સમજી શકાય એમ છે. આખરે સરકાર પોતાની વિરુદ્ધ થયેલ આક્ષેપોની તપાસ કરવા પોતે જ ન્યાયિક પંચ નીમે ત્યારે એની પાસેથી વહેલી તકે 'ક્લીન ચીટ' મેળવી લેવાની જ અપેક્ષા રહેતી હોય છે. સુજ્ઞા ભટ્ટનો સરકારને સુખદ અનુભવ પણ છે. સુરતની રેલ હોનારતમાં એમણે સરકારને નિર્દોષ જાહેર કરી હતી. જસ્ટિસ આર.એ. મહેતાને એ હોનારત માનવ સર્જિત અર્થાત્ સરકારી તંત્રની નીંભર બેજવાબદારીની ફલશ્રુતિ લાગેલી. આ વખતે સુજ્ઞાબહેનને જે કામ સોંપાયું છે તે ઘણું કઠણ છે. એક સ્ત્રીના અંગત જીવનની જાસૂસી કરવાનો આક્ષેપ સરકારશ્રી સામે હોય, અને એ અંગે જયારે છેક સુપ્રીમ કોર્ટ સુધી અને રાષ્ટ્રપતિભવન સુધી ગુહાર લગાવાઈ ચૂકી હોય, મૃતપ્રાય સ્થિતિમાં આવી ગયેલી પ્રદેશ કોંગ્રેસને એ મુદ્દે શેરીઓમાં સર્વગુણ સંપન્ન, લોકોત્તર મહાનાયક નરેન્દ્ર મોદીની ઈજ્જતના ધજાગરા કરવાની તક સાંપડી હોય ત્યારે એક ન્યાયવિદ્ લેખે તેમજ સ્ત્રી તરીકે સુજ્ઞા ભટ્ટ એમના અંતરાત્માના અવાજને દબાવી દબાવીને કેટલો દબાવી શકશે? એથી એ અવટવ અનુભવતાં હોય તે સ્વાભાવિક છે. જો કે સરકારશ્રીએ નક્કી કરેલ ટર્મ્સ ઓફ રેફરંસ મુજબ તો તપાસના દાયરામાં કોઈ 'સાહેબ' કે શાહ અને શર્મા આવતા જ નથી. પંચના કાર્યક્ષેત્રને જાહેર કરાયેલ ટેપની ખરાઈ અને ખરેખર આવી કોઈ ઘટના બની હતી કે નહીં અને બની હોય તો તે કયા સંજોગો, કારણો અને પરિબળોના પરિપ્રેક્ષ્યમાં બનેલી તથા સરકારી એજન્સીઓએ શાં પગલાં ભર્યાં, તેવી બાબતો આવરી લેવાઈ છે. ચાર વર્ષના લાંબા ગાળા પછી જાહેર કરાયેલ ઓડિયો ટેપ્સ પ્રસિદ્ધ કરવા પાછળ વિરોધી પરિબળોનું કોઈ ષડયંત્ર છે કે કેમ, એની પણ તપાસ કરવાની છે. અને છેલ્લે, જો સંજોગો જણાય તો એક મહિલાની ગુપ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવા પાછળ ક્યાં હેતુલક્ષી કારણો હતાં તેની તપાસ કરવાની છે. નોટિફિકેશનમાં જણાવ્યા મુજબ આખા મામલાના કેન્દ્રમાં રહેલી યુવતીની ઓળખ છૂપી રહે અને ઈમેજ ન ખરડાય તેની ખાતરી કરવી ન્યાયના હિતમાં લાગતાં આ તપાસપંચ નિમાયું છે. ગુજરાત સરકારે અત્યાર સુધી નીમેલાં તપાસપંચોની વિશ્વસનીયતા સામે અનેક પ્રશ્નાર્થો છે ત્યારે આવું વધુ એક તપાસ પંચ પણ છેવટે તો 'ક્લીન ચીટ' માટેનો જ કર્મકાંડ છે એમ પહેલાંથી ધારી લેનારા વિપક્ષે ઉઠાવેલા પ્રશ્નો સામે સુજ્ઞા ભટ્ટ કેવી ઝીંક ઝીલશે એ તો સમય જ કહેશે. એ સાચું કે આક્ષેપોના સતત તોપમારા સામે સુજ્ઞા ભટ્ટની અધ્યક્ષતાવાળું તપાસ પંચ એક ઢાલની ગરજ જરૂર સારશે એમાં શંકાને સ્થાન નથી!

સ્વર્ણિ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીનો પ્રથમ વાર્ષિક એથ્લેટીક્સ રમતોત્સવનો ગાંધીનગર ખાતે પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૭

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીનો -થમ વાર્ષિક એથ્લેટીકસ રમતોત્સવનો -રંભ આજે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રમતગમત સંકુલ ગાંધીનગર ખાતે થયો હતો.

રમતગમત વિભાગના રાજય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ મશાલ રેલીને -સ્થાન કરાવતાં કહ્યું કે, માનવ વિકાસના -ત્યેક આયામોમાં ગુજરાત અગ્રેસર છે અને અન્ય રાજયો માટે પણ આદર્શરૂપ રાજય બન્યું છે ત્યારે રમતગમત ક્ષેત્રે ઉભા થયેલા સાનુકૂળ વાતાવરણનો લાભ લઈને રમતવીરોએ અગ્રેસર જ રહેવું જોઈએ. તેમણે સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીનું નામ સાર્થક કરવા -ત્યેક રમતમાં રમતવીરો સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના આ -થમ રમતોત્સવમાં યુનિવર્સિટી સાથે સંકળાયેલા નવ શારીરિક શિક્ષણ અને નવ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના ૧૦૮ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો છે. જેમાં ૮૩ ભાઈઓ અને ૨૫ બહેનોએ વિવિધ એથ્લેટીકસ ઈન્વેન્ટમાં ભાગ લીધો છે. સ્પર્ધામાં પસંદ થયેલા ભાઈ-બહેનો પટિયાલા-પંજાબ ખાતે યોજાનાર ઈન્ટર યુનિવર્સિટી એથ્લેટીકસ સ્પર્ધામાં ભાગ લેવા જનાર છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના ચેરમેન અને રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહાએ ગુજરાતની રમતગમત ક્ષેત્રની ઓજસની ઓળખ -સ્થાપિત કરવા શારીરિક શિક્ષણ વિદ્યાલયોના કર્મયોગીઓ પથદર્શક બને તેવી આશા વ્યકત કરીને રમતવીરોએ અભિનંદન પાઠવ્યા હતા. આ -સંગે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જતીન સોનીએ સ્વાગત -વચન કર્યું હતું. જયારે આભારદર્શન રજીસ્ટ્રાર શ્રી મુકેશ પંડયાએ કર્યું હતું. -રંભમાં ભવ્ય માર્ચ પાસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું તથા દોડની સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

આ -સંગે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના વેસ્ટર્ન સેન્ટરના નિયામક શ્રી શ્યામસુંદર, અન્ય અધિકારીઓ તથા રમતવીરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી સાથે સંકળાયેલ વિવિધ નવ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયોના -થમ વાર્ષિક એથ્લેટીકસ રમતોત્સવનો -રંભ આજે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રમતગમત સંકુલ ગાંધીનગર ખાતે થયો હતો.

રમતગમત વિભાગના રાજય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ મશાલ રેલીને -સ્થાન કરાવતાં કહ્યું કે, માનવ વિકાસના -ત્યેક આયામોમાં ગુજરાત અગ્રેસર છે અને અન્ય રાજયો માટે પણ આદર્શરૂપ રાજય બન્યું છે ત્યારે રમતગમત ક્ષેત્રે ઉભા થયેલા સાનુકૂળ વાતાવરણનો લાભ લઈને રમતવીરોએ અગ્રેસર જ રહેવું જોઈએ. તેમણે સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીનું નામ સાર્થક કરવા -ત્યેક રમતમાં રમતવીરો સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના આ -થમ રમતોત્સવમાં યુનિવર્સિટી સાથે સંકળાયેલા નવ શારીરિક શિક્ષણ અને નવ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના ૧૦૮ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો છે. જેમાં ૮૩ ભાઈઓ અને ૨૫ બહેનોએ વિવિધ એથ્લેટીકસ ઈન્વેન્ટમાં ભાગ લીધો છે. સ્પર્ધામાં પસંદ થયેલા ભાઈ-બહેનો પટિયાલા-પંજાબ ખાતે યોજાનાર ઈન્ટર યુનિવર્સિટી એથ્લેટીકસ સ્પર્ધામાં ભાગ લેવા જનાર છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના ચેરમેન અને રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહાએ ગુજરાતની રમતગમત ક્ષેત્રની ઓજસની ઓળખ -સ્થાપિત કરવા શારીરિક શિક્ષણ વિદ્યાલયોના કર્મયોગીઓ પથદર્શક બને તેવી આશા વ્યકત કરીને રમતવીરોએ અભિનંદન પાઠવ્યા હતા. આ -સંગે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. જતીન સોનીએ સ્વાગત -વચન કર્યું હતું. જયારે આભારદર્શન રજીસ્ટ્રાર શ્રી મુકેશ પંડયાએ કર્યું હતું. -રંભમાં ભવ્ય માર્ચ પાસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું તથા દોડની સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

આ -સંગે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના વેસ્ટર્ન સેન્ટરના નિયામક શ્રી શ્યામસુંદર, અન્ય અધિકારીઓ તથા રમતવીરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રજ્ઞાચક્ષુઓની દુનિયા રમતથી રંગીન બનશે : વિવિધ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ખેલ મહાકુંભ-૨૦૧૩ અંતર્ગત જિલ્લાકક્ષાની રમત-ગમત સ્પર્ધાનું આયોજન તા. ૪ ડિસેમ્બર બુધવાર, સવારે ૮.૩૦ કલાકે, અંધશાળા સ્કૂલ સે. ૧૬ ખાતે કરવામાં આવ્યું છે.

રમશે ગુજરાત, જીતશે ગુજરાતના નારા સાથે અંધજનો પણ જીતવા માટે મેદાનમાં ઉતરશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મુખ્ય મહેમાન તરીકે કૃષ્ણકાન્ત ગૃહ તંત્રીશ્રી ગાંધીનગર સમાચાર, ગૌતમભાઈ પટેલ, ઘનશ્યામભાઈ પટેલ, પી.એન. પટેલ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

અંધજનોની દુનિયા પણ રમતથી રંગીન બને તે માટે ખેલ મહાકુંભ-૨૦૧૩ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં ઉપસ્થિત રહેવા વિરેનભાઈ જોષી, રહેમાનભાઈ અંસારી, જયંતિભાઈ પટેલે જી. જે. વાઘાણી અને તારક લુહારે જણાવ્યું છે.

કલોલ રાજપૂત સમાજનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૨૭

શ્રી કલોલ રાજપૂત સમાજનો સ્નેહમિલન કાર્યક્રમ તા. ૨૫ નવેમ્બરના રોજ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શંકરસિંહ ગોહિલ એડવોકેટ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે સમાજના વિકાસ માટે શિક્ષણ એક અભિન્ન અંગ છે. આ પ્રસંગે દિનેશસિંહ વાઘેલા, પૃથ્વીસિંહ ચાવડા, કેસરીસિંહ બિહોલા, નરપતસિંહ જાડેજા, મફાજી રાજપૂત, પ્રદિપસિંહ ગોહિલ, લક્ષ્મણસિંહ વાઘેલા તેમજ ભવાનસિંહ ગોહિલ ઉપસ્થિત રહ્યા હતાં.

સીઆઈઈના વિદ્યાર્થીએ રાષ્ટ્ર કક્ષાએ સર્વશ્રેષ્ઠ લેખકનો ઈન્કલાબ મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર ઈન્ટરનેસનલ પબ્લિક સ્કૂલ રાંધેજા સંચાલિત કેમ્બ્રિજ ઈન્ટરનેશનલ એકઝામીનેશન (સીઆઈઈ) બોર્ડના ધોરણ-૧૧ના વિદ્યાર્થી પૃથ્વી એચ.કે. ગાંધીની 'પેન એસ્ટોરી' રજૂ કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. બેસ્ટ રાઈટનું ટાઈટલ મેળવી ચાર ચાંદ લગાવી દીધા હતા. વિદ્યાર્થી દ્વારા શાળાનું નામ રોશન કરવાથી શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

હરતા-ફરતા કાર્યક્રમમાં ચૌધરી કોલેજની વિદ્યાર્થિની ઝળકી

ગાંધીનગર, તા. ૨૭

દૂરદર્શન દ્વારા આયોજન કરવામાં આવતો 'હરતા ફરતા' કાર્યક્રમમાં સે. ૭ ખાતે આવેલ પી.કે. ચૌધરી મહિલા કોલેજની વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

દૂરદર્શન પર આવતો સામાહિક કાર્યક્રમ 'હરતા-ફરતા'નું આયોજન અક્ષરધામ મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ૧૨ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમ્યાન સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જેમાં રમીલા શાહે સાચા જવાબ આપી ટ્રોફી મેળવી હતી.

પ્રજ્ઞાચક્ષુ કંઠય સંગીત સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૭

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે પ્રજ્ઞાચક્ષુ કંઠય સંગીત સ્પર્ધાનું આયોજન તા. ૧ ડિસેમ્બર રવિવાર સવારે ૮-૦૦ કલાકે અંધશાળા સ્કુલ સે-૧૬ ખાતે કરવામાં આવ્યું છે.

પ્રજ્ઞાચક્ષુ કંઠય સંગીત સ્પર્ધામાં કમલ કિશોર જૈન ડાયરેકટર કલ્પતરુ પાવર, હરગોવિંદભાઈ પટેલ-નિવૃત્ત ઈજનેર, ચંદુભાઈ પટેલ-બિલ્ડર, માધુભાઈ પટેલ, નિવૃત્ત ખેતી નિયામક, બહેચરભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

આસિઆ શૈક્ષણિક પ્રવાસ કરશે

એસોસિએશન ઓફ સિનિયર એન્જીનિયર્સ એન્ડ આર્કીટેક ગાંધીનગર (આસિઆ) દ્વારા કડીનગર પાસે આવેલ મુખ્ય નહેરના વાય જંકશન ખાતે પ્રવાસનું આયોજન તા. ૧૪ ડિસેમ્બર શનિવારના રોજ કરવામાં આવ્યું છે. પ્રવાસમાં આવવા ઈચ્છુક સભ્યોએ તા. ૫ ડિસેમ્બર સુધી હરજીવનભાઈ પંચાલ ૯૮૨૪૬૧૩૬૩૦નો સંપર્ક કરવા જણાવ્યું છે.

હરિની દૃષ્ટિ...

માર્ગ સુરક્ષાની લ્હાયમાં તમે મારી પાવતી ફાડો છો પણ સાહેબ એની ઘરે ખબર પડ્યા બાદ ત્યાં અમારી સુરક્ષા નથી રહેતી તેનું શું ?

૭મા ગ્રામ્ય યુર્નવસન એવોર્ડ્સ ૨૦૧૨નું આયોજન

શારિરીક-માનસિક વિકલાંગોની ક્ષમતા ઓળખી આર્થિક રૂકાવટ દૂર કરવાનો પ્રયાસ

અમદાવાદ, તા. ૨૭

અમદાવાદની માતૃશ્રી ચંદ્રમતી પ્રતિષ્ઠાન દ્વારા પ્રેરિત સંસ્થા રૂરલ ડેવલપમેન્ટ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ (રુડમી) દ્વારા આગામી ૧લી ડિસેમ્બરે ૭મા શ્રીમતિ નંદિની પી. દિવેટીયા ગ્રામ્ય પુર્નવસન સંસ્થાગત એવોર્ડ વિતરણ સમારોહનું આયોજન કરાયેલું છે. આ સમારોહ એસ.જી. હાઈવે પર ગોતા ચાર રસ્તા પાસે આવેલ રુડનીના નંદિની નિલયમ સંસ્કૃતિ સભાગૃહ ખાતે પહેલી ડિસેમ્બરે સાંજે પ.૩૦ કલાકે યોજાનાર છે.

આ સમારોહમાં કોલકાતા ખાતેની રામકૃષ્ણ મિસન દ્વારા સંચાલિત વિવેકાનંદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પૂ. સ્વામીશ્રી આત્મપ્રિયનંદાજી હાજર રહેશે. તેમજ તેમના વરદ્‌હસ્તે એવોર્ડનું વિતરણ કરવામાં આવશે. આ એવોર્ડ્સ ગુજરાતના જુદા જુદા વિસ્તારમાંથી શારિરીક રીતે અપંગ વ્યક્તિઓ જેઓ આર્થિક રીતે ખૂબ નબળા છે પરંતુ તેમનામાં આવક રળવાની અથવા ધંધો-રોજગાર કરવાની ક્ષમતા છે તેઓને આર્થિક મદદ દ્વારા પગભર થવામાં સહાયરૂપ થવા માટે આપવામાં આવનાર છે. કુલ ૧૨ વ્યક્તિઓને એવોર્ડ મળનાર છે જેમાં ૧૦ યુવાનો અને ૨ યુવતિઓનો સમાવેશ થાય છે.

વિધ્નેશ્વરી પરિવાર દ્વારા કલ્યાણકારી કુટુંબ પ્રથા નિમિત્તે ભવ્ય ડાયરાનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

શ્રી વિધ્નેશ્વરી પરિવાર ટ્રસ્ટ દ્વારા કલ્યાણકારી કુટુંબ કથાનું આયોજન તા. ૨૬ ડિસેમ્બરથી તા. ૩૧ ડિસેમ્બર સુધી આનંદીમાનો વડલો માણસા ખાતે કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં સૌ પ્રથમવાર પ.પૂ.શ્રી અશ્વિનભાઈ જોષી (મા-બાપને ભુલશો નહિ) કથાનું રસપાન અને ભવ્યાતિભવ્ય ડાયરો કરાવશે. જેમાં ડાયરો તા. ૨૯ નવેમ્બર શુક્રવાર રાત્રે ૯-૦૦ કલાકે ખાતેજ પાંજરાપોળ ચોક, માણસા ખાતે યોજાશે. ડાયરામાં હરીશદાન ગઢવી, નટુભાઈ પટેલ, કરસનભાઈ બારોટ, જયોત્સનાબેન કાપડી જેવા ખ્યાતનામ કલાકારો ઉપસ્થિત રહેશે. ડાયરામાં સર્વે ભાવિકોને લાભ લેવા દિનેશભાઈ વ્યાસ દ્વારા જણાવાયું છે.

કડી પી.ટી.સી. કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ડો. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કોલેજ, એસ.વી. કેમ્પસ કડીએ તા. ૨૩-૨૪ ઓકટોબર ૨૦૧૩ના રોજ રાજય કક્ષાનું ગણિત, વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન (વિજ્ઞાન મેળો) ઉદવાડા તા. વલસાડ મુકામે યોજાઈ ગયો. તેમાં કોલેજમાંથી વિદ્યાર્થી તરીકે વિભાગ-૨માં પટેલ મિત્તલબેન બી. અને પટેલ ઉર્વીબેન એમ. અને શિક્ષક શ્રી ડો. બાબુલાલ આર. પટેલ વિભાગ-૫માંથી વાળંદ હિનાબેન એ. અને ચાવડા ધર્મિષ્ઠાબેન એન. શિક્ષકશ્રી તરીકે ડો. બાબુલાલ આર. પટેલે રાજય કક્ષાના વિજ્ઞાનમેળામાં ભાગ લઈ સંસ્થાનું ગૌરવ વધારેલ છે અને શિલ્ડ અને પ્રમાણપત્ર મેળવ્યા હતા.

વિજ્ઞાન પ્રવાહ ધોરણ ૧૧/૧૨ સેમીસ્ટર પદ્ધતિ અંગે

શિક્ષણ ચિંતન

- અનંત ન. વ્યાસ

'એક હાથમાં નવી તરાહને એક હાથમાં લાઠી,
સરસ્વતી તો શાળામાંથી જીવ લઈને નાઠી'

- નાથાલાલ દવે

શિક્ષણ સુધારણાના નામે વારંવાર થતા અખતરાઓ વિદ્યાર્થીના જ્ઞાન, કૌશલ્ય કે સમજદારી નથી ખીલવતા પણ તેની મુંઝવણ વધારે છે. શિક્ષણની સુધારણા એ અતિ સંકુલ બાબત ગણાય. શિક્ષણ એ જીવંત પ્રક્રિયા છે અને તે વિવિધ ક્ષેત્રો તથા વ્યક્તિઓ સાથે જોડાયેલ છે. જેમાં શાળા, સ્ટાફ, વિદ્યાર્થી અભ્યાસક્રમ, વાલી અને સમાજ. આ સૌના સમાવેશ થાય છે. તેથી સુધારણાનું ક્ષેત્ર પણ વ્યાપક પરિપેક્ષ ધરાવતું હોય તે જરૂરી છે. વિશદ્ ચર્ચા- વિચારણા પછી જે પદ્ધતિ અમલમાં મુકવામાં આવે તે ઉપરોક્ત તમામ પાસાઓમાં પણ યોગ્ય ફેરફારો કરી સુધારાના ક્ષેત્રને આવરી લે તેવી હોવી જોઈએ. જો તેમાં અમુક પાસાની ઉપેક્ષા થાય અને ચોક્કસ ક્ષેત્ર પર જ ભાર મુકાય તો તેવી સુધારણા ફળદાયક થતી નથી. અને આપણે કોઈપણ પધ્ધતિને સાંગોપાગ કયારેય અપનાવતા નથી. બહુધા તો પદ્ધતિના અમલ માટે જે અતિ આવશ્યક ભલામણો હોય તેનો જ છંદ ઊડાડી દેવામાં આવે છે. તેથી કરાયેલ સુધારા એકાંગી કે પાંગળા બને છે. પદ્ધતિના અમલીકરણથી જે ફાયદા પ્રાપ્ત થવા જોઈએ તે થતા નથી. શિક્ષણના પવિત્ર ક્ષેત્રમાં ધંધાદારી દૃષ્ટિબિંદુ ધરાવવાથી આ સ્થિતિ પેદા થાય છે.

આ હું આપણે ત્યાં ધોરણ ૧૧/૧૨ વિજ્ઞાન પ્રવાહમાં દાખલ કરવામાં આવેલી અને હવે વિસ્તારિત કરાતી સેમીસ્ટ પદ્ધતિના સંદર્ભમાં કહું છું. સૌ પ્રથમ તો આ પદ્ધતિ લાવવાની જરૂર શા માટે પડી તે વિચારવું જોઈએ. વાર્ષિક પરીક્ષા પદ્ધતિ અંગે એવું કહેવામાં આવ્યું છે કે બાળકો માટે બોઝારૂપ હતી. એ પદ્ધતિના નીચેના ચાર દોષો શિક્ષણશાસ્ત્રી આગળ ધરતા હતા.

(અ) વિદ્યાર્થીના મન પર પરીક્ષાનો ભારે ભય રહે છે. તાણના કારણે આત્મહત્યા બનાવ બન્યા છે આ ભય હટાવવો.

(બ) ટ્યુશન પદ્ધતિ કે પ્રથા પર અંકુશ મુકવો.

(ક) અભ્યાસક્રમ સરળ-સઘન તથા વિદ્યાર્થીમાં જ્ઞાન- કૌશલ્ય ખીલવે. વિદ્યાર્થી જાતે તૈયાર થાય તેવો રાખવો.

(ડ) વિદ્યાર્થી માત્ર સ્મૃતિના આધારે નહી પણ બુદ્ધિમતાથી વિજ્ઞાન આત્મસાત કરે તેવું થવું જોઈએ.

મહત્વના આ ચાર મુદ્દા પર નવી સેમીસ્ટર પદ્ધતિમાં કેટલું અને કેવું નિવારણ થયું તે વિચારવા જેવું છે. વિદ્યાર્થી માટે અતિ આવશ્યક તેવા જ્ઞાન, કૌશલ્ય અને સમજદારીની બારી ખુલી કે કેમ તે પણ તપાસવું જોઈએ.

વિશ્વના અને રાષ્ટ્રોમાં આ પદ્ધતિ પ્રમાણે શિક્ષણ અપાય છે. અને પણ ૨૦૦૬થી આ પદ્ધતિ અમલમાં મુકી છે. આપણે ત્યાં ઈજનેરી કોલેજો તથા મેડીકલ કોલેજોમાં વર્ષોથી આ પદ્ધતિ અમલમાં છે. હવે સમગ્ર રાષ્ટ્રમાં માધ્યમિક ક્ષેત્રે શિક્ષણનું સ્તર સચવાય તે માટે આપણે આ માર્ગે ચાલ્યા છીએ. પણ આપણી ચાલ બેવડાતી છે. આ પદ્ધતિના મૂળભૂત આત્માને મારી આપણે માત્ર બ્રાહ્ય ખોખું અપનાવ્યું છે. કોઈપણ પદ્ધતિ ગમે તેટલી સારી હોય પરંતુ તેનું અમલીકરણ કેવી રીતે થાય છે તેના પર જ મોટો આધાર છે.

આ પદ્ધતિનો મુળ હેતુ તો વિદ્યાર્થી દરેક પ્રકરણમાંથી કેટલું સમજયો, કેટલું પચાવ્યું ને કેટલું તેની સમજ બહાર રહી ગયું તેની નોંધ રાખવાનો છે. શાળા પાસે દરેકે દરેક વિદ્યાર્થી અંગેનો રેકોર્ડ હોવો જોઈએ. શાળાએ જ તેના વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરવાનું હોય છે. પણ આપણે તો મૂલ્યાંકન કરી ગ્રેડેશન આપવાની શાળા સત્તાને માન્ય જ નથી કરી. બોર્ડે પરીક્ષા લેવાનો પોતાનો હક્ક જતો નથી કર્યો. પરિણાણે અગાઉ બે વરસે એ વખત પરીક્ષાનો હાઉ કે ભય ઉભો થતો. આજે દર ચાર મહિને આ ભય બાળકને સતાવે છે. જેના બાળકો ૧૧-૧૨ ધોરણમાં અભ્યાસ કરે છે તેવા વાલીઓને પૂછશો તો ખ્યાલ આવશે કે બાળક સતત બે વર્ષ પરીક્ષાના ઓથાર નીચે તૈયારી કરતો હોય છે. આમ પરીક્ષાનો ભય ટાળવાને બદલે ચાર ગણો વધ્યો છે. વળી આ પદ્ધતિ પ્રમાણે જે રીતે વિદ્યાર્થીના અભ્યાસ પ્રગતિની નોંધ દર અઠવાડિયે થવી જોઈએ તેવા રેકોર્ડ મોટાભાગની શાળામાં રખાતા નથી. પરિણામે પોતાના સંતાનોની પ્રગતિ માટે ટેસ્ટમાં મળતા માર્ક્સ જ આધારરૂપ છે જે એકાંકી બાબત છે.

આ પદ્ધતિના કારણે ટ્યુશન પ્રથા બંધ થઈ જશે કે વિદ્યાર્થી 'ગાઈડો'નો સહારો નહી લે તેવું માનવું પણ ભૂલ ભરેલું છે. શિક્ષણ વિભાગે શિક્ષકોને ટયુશન ન કરવાનો નિયમ કર્યો. પણ આમાં ઘણાં છિદ્રો છે શિક્ષક કોઈ અન્ય દ્વારા ચાલતા ટયુશન કલાસમાં કામ કરી શકે છે. આ ઉપરાંત શિક્ષકો કરતાં ઘણો વધારે પગાર લેતા વિજ્ઞાન કોલેજના પ્રાધ્યાપકો, ધોરણ ૧૧-૧૨ના ટયુશનો કરે છે તેના પર પ્રતિબંધ નથી. આ બાબતમાં ચીંનનો દાખલો લેવા જેવા જેવો છે. ચીનમાં ટયુશન પર જવાનો વિદ્યાર્થી પર પ્રતિબંધ છે. કોઈ વાલી પોતાના સંતાનને ખાનગી ટયુશન પર મોકલી શકતો નથી. ટયુશને જતો વિદ્યાર્થી પકડાય તો વાલીને દંડ થાય છે.

વિદેશોમાં આ પદ્ધતિમાં આપણે ત્યાં છે તેવા પાઠ્ય પુસ્તકો હોતા નથી. ત્યાં અભ્યાસકમને આવરી લેતા મુદ્દાઓ વિદ્યાર્થીને આપવામાં આવે છે. વિદ્યાર્થી વિવિધ સંદર્ભ-ગ્રંથોમાંથી જે- તે મુદ્દાને લગતી નોંધ તૈયાર કરે છે. નોંધ શિક્ષક તપાસે છે ને આવશ્યક સૂચનો કરે છે. દરેક મુદ્દાના અભ્યાસ માટે વિદ્યાર્થીએ નિયત સમય-કલાક ફાળવવાના હોય છે. આના પરિણામે ચોક્કસ સમયમાં કામ કરવાની ટેવ પડે છે અને વિષયની સમજ સારી રીતે ખીલે છે. આપણે ત્યાં નિશ્ચિત પાઠ્યપુસ્તકો હોવાથી વિદ્યાર્થીને તૈયાર માલ મળે છે. વિષય પર તો અનુરાગ અને સંશોધન વૃત્તિ કેળવાતા નથી. આમાં પણ વિદ્યાર્થીની મદદ માટે ઘણી ઘણી માર્ગદર્શિકા (ગાઈડ) બજારમાં મળે છે. પરિણામે વિદ્યાર્થી પરાવલંબી બને છે. ત્રીજો મુદ્દો સઘન સરળ અભ્યાસક્રમનો છે. આપણી મોટાભાગની શાળામાં લાઈબ્રેરી કહેવા પૂરતી નામની જ હોય છે. કેટલાક શાળામાં અલગ અલગ લેબોરેટરીઝ કે અભ્યાસખંડ નથી હોતા. લેબોરેટરી માટે અલગ પટાવાળોને લેબ. આસિ. નથી હોતા. લેબોરેટરી હોય તો પુરતા સાધનોનો અને સ્ટાફનો અભાવ હોય છે ને આ અભ્યાસક્રમ તો અન્ય રાજયોની સરખામણીમાં વધારે અઘરો છે ને ડોંગરેજીના ભાગવતને શરમાવે તેવા આ પાઠ્યપુસ્તકો વજનદાર છે. આ તે પાઠ્ય પુસ્તક ગણવા કે થોથાંને વળી આ પુસ્તકમાં પ્રયોજાયેલી ભાટકા ગુજરાતી ભરમાં કયાંય પ્રયોજાતી ભાષા નથી. અતિ કલીષ્ટ વાકય રચના, લાંબા અનેક ઉપ વાકયોથી જોડાયેલા મિશ્ર વાકયો તેમાં રહેલા સત્વ કે તત્વને સમજવા દેતા નથી. પાઠ્ય પુસ્તકો તો સરળ ભાષામાં વિદ્યાર્થી ભોગ્ય રચનામાં હોવા જોઈએ. તો જ વિદ્યાર્થી પાઠ્ય પુસ્તક વાંચે. પરીક્ષામાં પાઠ્ય પુસ્તક આધારિક પ્ર્ન્નો પુછાશે તેવી જાહેરાત કરવાથી આ પાઠ્ય પુસ્તકો વિદ્યાર્થીઓ વાંચશે તેવી જે આશા રખાય ચે. સર્વથા વ્યર્થ છે. જેમાં રસ પડે તે જ બાળક વાંચે કેટલો આપે તે નહીં. અગિયારમા ધોરણના કોઈ વિદ્યાર્થીને પૂછશો તુરત કહેશો પાઠ્યપુસ્તક વાંચતા કંટાળો આવે છે. કંઈ સમજાતું નથી.

સેમીસ્ટર માટે બોર્ડ ટાઈમ-ટેબલ બહાર પાડે છે. તે પ્રમાણે અભ્યાસ માટે ૧૨૦ થી ૧૪૦